# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-01-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. વિકાસકામોની ગુણવત્તા અંગે કોઇપણ પ્રકારની બાંધછોડ ન કરવા સબંધિત વિભાગોને મુખ્યમંત્રીની તાકીદ
2. રાજ્ય સરકારે 12 હજાર કરોડ કરતા વધુના ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરી
3. કેન્દ્ર સરકારે અટલ પેન્શન યોજના વર્ષ 2030-31 સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી
4. 826 કરોડ રૂપિયાની સાયબર છેતરપિંડીના 8 આરોપીની સુરતમાંથી ધરપકડ
5. ગુજરાત મૂળના અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ આજે નિવૃત થયા
6. ખેલ મહાકુંભ લોન ટેનિસ મેન્સ ડબલ્સમાં શિરીષ સુતરિયા અને હરીશ અસનાની જોડીએ સુવર્ણ ચંદ્રક જીત્યો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## CABINET CM INSTRUCTIONS

રાજ્યમાં વિકાસકામોની ગુણવત્તા અંગે કોઇ પણ પ્રકારની બાંધછોડ ન કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સબંધિત વિભાગોને તાકીદ કરી છે.

આજે ગાંધીનગર ખાતે રાજ્યમંત્રી મંડળની બેઠકમાં અનુદાનના અભાવે કોઇ કામ અટકવું ન જોઇએ તેવી કડક સૂચનાઓ પણ મુખ્યમંત્રીએ આપી હતી. વધુ માહિતી પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે, તમામ વિભાગોએ પોતાને ફાળવેલા બજેટ માર્ચ મહિનાના અંત સુધીમાં યોગ્ય રીતે વાપરવા પણ મુખ્યમંત્રીએ સૂચના આપી.

**(BYTE- JITU VAGHANI, PRAVKTA MANTRI)**

----------

## CABINET TEKA NA BHAV

રાજ્ય સરકારે 12 હજાર કરોડ કરતા વધુના ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી કરી છે. રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ચર્ચાયેલા વિષયો અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું, ટેકાના ભાવે ખરીદી માટે 10 લાખ 11 હજારથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે. રાજ્યમાં ટેકાના ભાવે ખરીદી 6 ફેબ્રુઆરી સુધી ચાલશે.

(BYTE- JITU VAGHANI, PRAVKTA MANTRI)

----------

## CABINET KRUSHI SAHAY

રાજ્યમાં કમોસમી વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓના કુલ 32 લાખથી વધુ ખેડૂતોને અત્યાર સુધીમાં 9 હજાર 466 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવાઈ છે. રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું, જમીન સુધારણા અંગે 31 હજારથી વધુ ખેડૂતોને કુલ 104 કરોડથી વધુની સહાયની ચૂકવવામાં આવી છે.

----------

## SANGHVI WEF

સ્વિત્ઝર્લેન્ડના દાવોસ ખાતે યોજાઈ રહેલા વિશ્વ આર્થિક મંચ દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે વિવિધ ઉદ્યોગસાહસિક અને રોકાણકારો સાથે વાતચીત કરી. તેમણે RPSG ગ્રુપના શાશ્વત ગોએન્કા સાથે મુલાકાત કરી. નવીનતા, વૃદ્ધિ અને સહયોગી તકો પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

શ્રી સંઘવીએ TVS ગ્રુપના સુદર્શન વેણુ સાથે પણ બેઠક કરી ભવિષ્યની ગતિશીલતા, ઇલેક્ટ્રીક વાહનો અપનાવવા અને ટકાઉ પરિવહન પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું. તેમણે ઉદ્યોગ સાહસિક નિખિલ કામથ સાથે પણ વાતચીત કરી.

----------

## ATAL PENSION YOJANA

કેન્દ્ર સરકારે આજે વર્ષ 2030-31 સુધી અટલ પેન્શન યોજના ચાલુ રાખવાની મંજૂરી આપી છે, સાથે જ પ્રમોશનલ અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓ માટે ભંડોળ સહાયનો વિસ્તાર પણ કરવામાં આવ્યો છે. આ યોજના મે 2015 માં અસંગઠિત ક્ષેત્રના કામદારોને વૃદ્ધાવસ્થાની આવક સુરક્ષા પૂરી પાડવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવી હતી. આજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક દરમિયાન આ નિર્ણય લેવાયો હતો.

આ યોજના 60 વર્ષની ઉંમર પછી દર મહિને એક હજારથી પાંચ હજાર રૂપિયા સુધીનું લઘુત્તમ પેન્શન આપે છે, જે ગ્રાહકના યોગદાનના આધારે છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં આઠ કરોડ 66 લાખથી વધુ ગ્રાહકોની નોંધણી કરાઇ છે.

----------

## KRUSHI UNIVERSITY CONVOCATION

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં આજે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો 21મો પદવીદાન સમારોહ યોજાયો. આ સમારોહમાં કૃષિ ક્ષેત્રની જુદી જુદી વિદ્યાશાખાના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને 74 સુવર્ણ-રજત ચંદ્રક સહિત 578 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઇ. આ પ્રસંગે શ્રી દેવવ્રતે ભારતીય મૂળના બીજને વધુ ઉન્નત બનાવવા, પ્રાકૃતિક કૃષિમાં

વધુ નવા સંશોધનો હાથ ધરવા અને આ અભિયાનને વધુ ઝડપથી આગળ વધારવા અનુરોધ કર્યો.

(BYTE- ACHARYA DEVVRAT, GOVERNOR)

----------

## OPERATION MULE HUNT

સાયબર ગુનેગારો સામેના ઓપરેશન મ્યુલ હંટ હેઠળ સાયબર સેન્ટર ઓફ એક્સલન્સે સુરતમાંથી મોટી સાયબર છેતરપિંડીનો પર્દાફાશ કર્યો છે. જેમાં 8 આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓએ 826 કરોડ રૂપિયાની સાયબર છેતરપિંડી કરી હોવાનું સાયબર સેન્ટર ઓફ એક્સલન્સના પોલીસ અધિક્ષક ડૉ. રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું.

(BYTE-RAJDEEPSINH ZALA, SP)

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

## GUJARAT PRAGATI

પ્રધાનમંત્રીના સક્રિય શાસન અને સમયસર અમલીકરણ માટેના મુખ્ય મંચ “પ્રગતિ” હેઠળ રાજ્યમાં હાલ 12 લાખ 61 હજાર કરોડ રૂપિયાના કુલ રોકાણ ધરાવતા 206 જેટલા મોટા પ્રકલ્પોનું સઘન મોનિટરિંગ કરાઇ રહ્યું છે.

આ પ્રકલ્પો પરિવહન કનેક્ટિવિટી, ઉર્જા માળખાકીય સુવિધાઓ અને શહેરી વિકાસ જેવા 20થી વધુ વિવિધ ક્ષેત્રોમાં ફેલાયેલા છે. અત્યાર સુધીમાં કુલ 206 પ્રકલ્પમાંથી 87 પ્રકલ્પ કાર્યરત થઈ ગયા છે, જેમાં બે લાખ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કરાયું છે. જ્યારે 119 જેટલા હાઈ-વેલ્યુ પ્રોજેક્ટ્સ હાલ અમલીકરણના તબક્કામાં છે.

----------

## CM SWAGAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ રાજ્ય ‘સ્વાગત’માં ઉપસ્થિત રહી નાગરિકોના પ્રશ્નો-સમસ્યાઓ-રજૂઆતો સાંભળશે. સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો આવતીકાલે સવારે 8 થી 11 વાગ્યા દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-2, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકાશે.

----------

## SRN- POLICE AAVAS

સુરેન્દ્રનગરના માલવણ ખાતે નાણાં અને પોલીસ હાઉસિંગ રાજ્ય મંત્રી કમલેશ પટેલે 16 કરોડ રૂપિયાના ખર્ચે નવા પોલીસ આવાસોનું ખાતમુહૂર્ત કર્યું.

મંત્રી શ્રી પટેલે જણાવ્યું કે, માલવણ ખાતે નિર્માણ પામનારા આ આવાસો પાર્કિંગ, ગાર્ડન અને તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ હશે, જે પોલીસ જવાનો અને તેમના પરિવારો માટે ખૂબ જ રાહતરૂપ સાબિત થશે.

તો સાંસદ ચંદુભાઈ શિહોરાએ જણાવ્યું કે, પોલીસ કર્મચારીઓ રાત-દિવસ જનતાની સુરક્ષા માટે તૈનાત રહે છે, ત્યારે તેમને અને તેમના પરિવારને સુરક્ષિત વાતાવરણ મળે તે સરકારની પ્રાથમિકતા છે.

----------

## KHODALDHAM CHAIRMAN

અનાર પટેલ સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ ખોડલ ધામના અધ્યક્ષ બન્યા છે. તેઓ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ પુત્રી છે. ખોડલધામના હાલના અધ્યક્ષ નરેશ પટેલે આજે અનાર પટેલના નામની જાહેરાત કરી હતી.

----------

## NASA - SUNITA WILLIAMS RETIRED

મૂળ ગુજરાતનાં અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ આજે નિવૃત થયા. સુનિતા વિલિયમ્સે 27 વર્ષની નોંધપાત્ર સેવા બાદ અવકાશ સંસ્થા નસામાંથી નિવૃત્તિ લીધી.

એક સત્તાવાર નિવેદનમાં નાસાએ જણાવ્યું હતું કે, વિલિયમ્સે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક-ISS  માટે ત્રણ મિશન પર ઉડાન ભરી, 608 દિવસ અવકાશમાં વિતાવ્યા હતા, જે નાસા અવકાશયાત્રી માટે બીજા ક્રમે સૌથી વધુ હતા, અને કુલ 62 કલાકથી વધુ નવ સ્પેસવોક પૂર્ણ કર્યા હતા, જે એક મહિલા દ્વારા સૌથી વધુ છે. તે અવકાશમાં મેરેથોન દોડનાર પ્રથમ વ્યક્તિ પણ હતા. તેમના પિતા મહેસાણા જિલ્લાના ઝુલાસણ ગામના હતા.

----------

## KHELMAHAKUMBH TENNIS

ખેલ મહાકુંભ લોન ટેનિસ મેન્સ ડબલ્સમાં શિરીષ સુતરિયા અને  હરીશ અસનાની જોડીએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે. રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગરના સેક્ટર-21 સચિવાલય જીમખાના ખાતે યોજાયેલી રોમાંચક ફાઈનલમાં આ જોડીએ દિલીપ ઠાકર અને હિતેન્દ્ર સેઇલરને સામે 6-2 થી જીત મેળવી ગાંધીનગર શહેરનું ગૌરવ વધાર્યું. ઉલ્લેખનીય છે કે શિરીષ સુતરિયાએ 2025ના ખેલ મહાકુંભની લોન ટેનિસની સ્પર્ધામાં પણ રજત ચંદ્રક જીત્યો હતો.

----------

## WEATHER

રાજ્યમાં આગામી  બે દિવસ બાદ ઠંડીનું મોજું ફરી વળવાની શક્યતા છે.  હવામાન વિભાગની આગાહી મુજબ બે દિવસ બાદ લઘુત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે. હવામાન વિભાગના નિયામક ડૉ. એ. કે. દાસે જણાવ્યું કે 25 જાન્યુઆરી બાદ ફરી તાપમાનમાં વધારો થતા ઠંડીનું જોર ઘટવાની શક્યતા છે.

(BYTE- DR.A.K.DAS, IMD)

----------

## AMBAJI SPORTS

અંબાજી ખાતે આજે  રમતગમત રાજ્યમંત્રી જયરામ ગામીતે આદિજાતિ રાષ્ટ્રીય મહિલા આર્ચરી (તીરંદાજી) સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો હતો. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને એન.ટી.પી.સી.ના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'પ્રથમ ખેલો ઈન્ડિયા નેશનલ રેન્કિંગ અને વિમેન્સ આર્ચરી ટુર્નામેન્ટ'નું અંબાજી ખાતે આ બીજી વખત આયોજન કરવામાં આવ્યું છે.

આ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં દેશના ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશોની ૫૦૦થી વધુ મહિલા આર્ચરી ખેલાડીઓ ભાગ લઈ રહી છે. આ પ્રસંગે મંત્રીશ્રી ગામીતે જણાવ્યું કે, સાંસદ ખેલ મહોત્સવ, ખેલ મહાકુંભ

અને ખેલો ઈન્ડિયા જેવા આયોજનો દ્વારા છેવાડાના ગામડાના ખેલાડીઓને રમતનું એક પ્લેટફોર્મ મળી રહ્યું છે.

----------

## MORBI- GANBHIRA BRIDGE

ગંભીરા બ્રિજ પર સમારકામ કામગીરી દરમિયાન ઇજાગ્રસ્ત થયેલો મજૂર હાલ અમદાવાદ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, અને તબિયત સુધારા પર છે.

ગંભીરા બ્રિજ પર પિયરની કામગીરી દરમિયાન સેફ્ટી બેલ્ટનો હુક યોગ્ય સ્થળે ન લગાવતા એક વ્યક્તિ  લપસીને નીચે પડતા અકસ્માત સર્જાયો હતો. આ ઘટનાને કારણે મજુરને કમર તથા પગના ભાગમાં ઈજા થતાં તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

----------